# ક્રાંતિ રેલીમાં સાબરકાંઠાના એક લાખ યુવાનો-મહિલાઓ જોડાશે

હિંમતનગર, તા. ૨૩

પાટીદાર અનામત આંદોલન ચરમ સીમાએ પહોંચ્યુ છે ત્યારે તા.૨૫ ઓગષ્ટે અમદાવાદ ખાતે યોજાનાર ક્રાંતિ રેલીમાં સાબરકાંઠા જિલ્લાના એક લાખથી વધુ યુવાનો અને મહિલાઓ જોડાશે, તેઓ સોમવારે જ પોતાના વાહનો લઈને અમદાવાદના જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ ખાતે પહોંચી જશે. જેના માટે સરદાર પટેલ ગૃપ દ્વારા સોશ્યલ મિડીયાનો ભરપુર ઉપયોગ કરી ક્રાંતિ રેલીમાં જોડાવા માટે જણાવાઈ રહ્યુ છે.

### કેટલો પોલીસ ફોર્સ અમદાવાદ જશે

પાટીદારો દ્વારા તા.૨૫ ઓગષ્ટે અમદાવાદ ખાતે યોજાનાર ક્રાંતિ રેલીમાં બંદોબસ્ત માટે સાબરકાંઠા જિલ્લાના ૫૦ કોન્સ્ટેબલ, ૩૦ મહિલા પોલીસ અને ૫ પી.એસ.આઈ. ફરજ બજાવશે એમ જિલ્લા પોલીસવડા પી. એલ. માલ દ્વારા જણાવાયુ હતું.

આ અંગે સરદાર પટેલ ગૃપના જિલ્લાના કન્વીનર રવિ પટેલ તથા પ્રાંતિજ તાલુકાના અગ્રણી દેવાંગ પટેલ, માસુ પટેલ, અનિલ પટેલ, જીજ્ઞેશ પટેલ સહિત અન્ય યુવાનો દ્વારા જણાવાયુ છે કે ૨૫ ઓગષ્ટે અમદાવાદ ખાતે યોજાનાર ક્રાંતિ રેલીમાં સાબરકાંઠા જિલ્લાના તમામ તાલુકાઓમાંથી મળી અંદાજે એક લાખથી વધુ વિવિધ જ્ઞાતિના યુવાનો અને મહિલાઓ જોડાવવા માટે તૈયારીઓ કરી દેવાઈ છે.

દરમિયાન રેલીમાં ભાગ લેવા જનાર આ યુવાધન સોમવારે જ પોતાના ખાનગી વાહનોમાં પાણી તથા નાસ્તો અને જમવાનું સાથે લઈને જ નીકળશે. જોકે જિલ્લાના વિવિધ સ્થળેથી અમદાવાદને જોડતા રોડ પર વિવિધ સ્થળે મંગળવારે સ્વયંભૂ રીતે પીવાના પાણીની વ્યવસ્થા ઉપલબ્ધ કરાશે. જે અંતર્ગત હિંમતનગર, પોગલુ પાટીયા, કમાલપુર, તાજપુર, મજરા સહિતના સ્થળેથી અમદાવાદ જનાર યુવાનોને લાભ મળશે.

રેલીને ધ્યાનમાં લઈને રવિવારે સાબરકાંઠા જિલ્લાના ૫૦૦થી વધુ યુવાનોએ જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ ખાતે જઈને તૈયારીઓ માટે યોજાયેલ બેઠકમાં ભાગ લીધો હતો. રેલી દરમિયાન સુચારુ વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સાબરકાંઠા જિલ્લાના ૫૦૦થી વધુ યુવાનો સ્વયંસેવક તરીકે ફરજ બજાવશે.

### ૪૦૦થી વધુ વાહનો જશે

મંગળવારે અમદાવાદમાં યોજાનાર ક્રાંતિ રેલીમાં સાબરકાંઠા જિલ્લામાંથી ૪૦૦થી વધુ ખાનગી વાહનોમાં અનેક લોકો જઈને ભાગ લેશે એમ સરદાર પટેલ ગૃપના અગ્રણી રવિ પટેલનું કહેવું છે. જોકે કેટલાક લોકો તો સોમવારે જ ગમે તે રીતે અમદાવાદ પહોંચી જશે.

આ રેલીમાં તમામ જ્ઞાતિના લોકોએ જોડાવવા માટે ઉત્સાહ દાખવ્યો છે ત્યારે પાટીદાર અનામત રેલીમાં સાબરકાંઠા પણ જોરદાર શકિત પ્રદર્શન કરશે.



### શિહોરીમાં દશામાની ૧૦૮ દિવડાની આરતી યોજાઈ

કાંકરેજ નજીકના શિહોરી ખાતે સોનલ સોસાયટીમાં દશામાની ૧૦૮ દિવડાની સમુહ આરતી યોજાઈ હતી. પવિત્ર શ્રાવણ માસમાં પૂજા અર્ચના અને આરતીનું ધાર્મિક મહત્વ રહેલું છે. પરંપરા પ્રમાણે શ્રાવણના પ્રારંભે બેહનો દશામાની સ્થાપના કરી ૧૦ દિવસ પૂજા-અર્ચના કરે છે. ત્યારે શિહોરી સ્થિત સોનલ સોસાયીમાં ભાવનાબેન વાસુભાઈ ઠક્કરના નિવાસે ૧૦૮ દિવડાની સમુહ આરતી યોજાઈ હતી. જેમાં સોસાયટીના સભ્યો મોટી સંખ્યામાં જોડાયા હતા.

(તસવીર : આશારામ રાવલ)

### કંપની સમાચાર
## નવકાર કોર્પોરેશન લિમિટેડનો પબ્લિક ઈશ્યૂ આજથી મૂડી બજારમાં

**ઈક્વિટી શેર દીઠ પ્રાઈસ બેન્ડ ૧૪૭ થી ૧૫૫ વચ્ચે નક્કી થઈ**

નવકાર કોર્પોરેશન લિમિટેડ (''ઈશ્યૂર'' કે ''કંપની'') સોમવાર, ૨૪ ઓગષ્ટ, ૨૦૧૫ના રોજ દર રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેરનો આઈપીઓ (ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ) લાવવાની દરખાસ્ત ધરાવે છે, જેની કિંમતમાં શેરનુંપ્રીમિયમ (''ઓફર પ્રાઈસ'') સામેલ છે અને આઈપીઓ રૂ. ૬,૦૦૦ મિલિયન (''ઓફર'')નો છે. ઓફરમાં રૂ. ૫,૧૦૦ મિલિયન (''નવા ઈશ્યૂ'') અને પ્રમોટર જૂથના સભ્ય (''ઓફર ઓફ સેલ'') સિદ્ધાર્થ કોર્પોરેશન પ્રાઈવેટ લિમિટેડ (''વિક્રેતા શેરધારક'') દ્વારા રૂ. ૯૦ કરોડ સુધીના હિસ્સાના વેચાણની ઓફર સામેલ છે.

ઈક્વિટી શેર દીઠ પ્રાઈસ બેન્ડ રૂ. ૧૪૭થી રૂ. ૧૫૫ નક્કી કરવામાં આવી છે. એન્કર રોકાણકાર બિડિંગ તારીખ શુક્રવાર, ઓગષ્ટ ૨૧, ૨૦૧૫ છે. બિડ/ઓફર તમામ બિડર્સ માટે બુધવાર, ઓગષ્ટ ૨૬, ૨૦૧૫ના રોજ બંધ થશે. લઘુત્તમ બિડ લોટ ૯૫ ઈક્વિટી શેર છે અને પછી ૯૫ ઈક્વિટી શેરના ગુણાંક છે. કંપનીના ઈક્વિટી શેરનું લિસ્ટિંગ બીએસઈ અને એનએસઈ પર થશે. ઈશ્યૂના ધ જોઈન્ટ ગ્લોબલ કોઓર્ડિનેટર્સ એન્ડ બુક રનિંગ લીડ મેનેજર્સ (''જેજીસીબી આરએલ એમ'') ના એક્સિસ કેપિટલ લિમિટેડ, એડલવાઈસ ફાઈનાન્શિયલ સર્વિસીસ લિમિટેડ અને એસબીઆઈ કેપિટલ માર્કેટ્સ લિમિટેડ છે.

### અમલદારો અટવાયા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરકાર તદન નિષ્ફળ નિવડી રહી છે. સરકારના તમામ પ્રયત્નો અને વાટાઘાટો સામે પાટીદારો નમતુ જોખવા તૈયાર નથી. સરકાર અને આંદોલનકારીઓ પોતાના નિર્ણયને લઈ અડગ રહેતા આ આંદોલનનો મામલો પેચીદો બની ગયો છે. ત્યારે આગામી સમયમાં કંઈક રાજકીય ઉથલપાથલ થવાની ભીતિ સેવાઈ રહી છે. પાટીદારોના આંદોલનને થાળે પાડવા સરકારના મંત્રીઓ દિલ્હી દરબારમાં દોડી જઈ નિરાકરણ માટે વાટાઘાટો પણ કરી આવ્યા છે. ત્યારે આંદોલનની આગ અને આવેદનપત્ર સ્વીકારવામાં તમામ સરકારી તંત્ર વ્યસ્થ બની ગયું છે. બીજી બાજુ પોલીસતંત્ર પણ રેલી દરમિયાન મંજૂરી અને બંદોબસ્તમાં તદન વ્યસ્ત બની ગઈ છે. આથી જિલ્લાની કલેક્ટર કચેરી, તાલુકા કચેરીમાં કલેક્ટરથી લઈ ક્લાર્ક સુધીના કર્મચારીઓ રેલીની મંજુરી આપવા, રેલી પર નિયંત્રણ રાખવા તેમજ આવેદનપત્ર સ્વીકારની કામગીરીમાં અટવાઈ ગયા છે અને પોલીસતંત્ર કાયદો અને વ્યવસ્થા જાળવવા તેમજ વાતાવરણ ન ડોહળાય તેની પર ચાંપતી નજર રાખવા અને રેલીપૂર્વ અને રેલી દરમિયાન બંદોબસ્તમાં અટવાઈ ગયું છે. પરિણામે કલેક્ટર કચેરીમાં તાલુકા કચેરીમાં તેમજ પોલીસ મથકમાં જરૂરી કામકાજ અને પ્રોજેક્ટ કે કેસો હાલ પુરતા સ્થગિત કરવામાં આવી રહ્યા છે. જેથી સરકારી કચેરી અને પોલીસમથકમાં આવતા અરજદારોને ધક્કા ખાવાનો વારો આવી રહ્યો છે.

ઘેરા બનતા આંદોલન વચ્ચે અમલદારો કામગીરી અને વ્યવસ્થામાં બરોબર પિસાઈ રહ્યા છે, અટવાઈ રહ્યા છે.

# પાટીદાર રેલી : સ્કૂલવર્ધીના વાહનને બંધ રાખવા નિર્ણય

## ૨૫મીની મહારેલીને લઈ સ્કૂલવર્ધી વાહનો ઘરે નહીં પહોંચે

અમદાવાદ,તા. ૨૩

આગામી ૨૫મી ઓગસ્ટના દિવસે અમદાવાદમાં પાટીદાર સમાજની અનામત માંગ સાથેની મહારેલી યોજવામાં આવનાર છે. આ રેલીમાં લાખોની સંખ્યામાં પાટીદીરો ઉમટી પડે તેવી શક્યતા છે. આવા સમયે શાળામાં અભ્યાસ કરતા બાળકોને કોઈપણ પ્રકારની સમસ્યાઓનો સામનો ન કરવો પડે તે માટે સ્કૂલ વર્ધી એસોસિએશન દ્વારા ૨૫મીના રોજ તમામ સ્કૂલ વર્ધીના વાહનો બંધ રાખવાની જાહેરાત કરી દીધી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજયમાં પાટીદાર અનામત આંદોલન વેગ પકડતું જાય છે. રાજયના અલગ અલગ શહેરોમાં નાની મોટી રેલીઓ યોજાયા બાદ હવે આગામી ૨૫મી ઓગસ્ટે અમદાવાદમાં પાટીદાર અનામતની માંગ સાથે અમદાવાદમાં પાટીદાર અનામતની માંગ સાથે મહારેલી યોજાવાની છે. આ રેલીમાં લાખોની સંખ્યામાં પાટીદારો ઉમટી પડે તેવી શક્યતા છે. જેના પગલે શહેર ટ્રાફિક પોલીસ દ્વારા શહેરના છથી વધુ રસ્તાઓ બંધ કરી દેવામાં આવયા છે. બીજી બાજુ આ દિવસે અમદાવાદ શહેરની શાળા કોલેજો બંધ રાખવા માટે પાટીદાર સંગઠનો દ્વારા આવેદનપત્રો આપવામાં આવ્યા હતા.

જો કે, ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ અને રાજયના શિક્ષણમંત્રીએ કોલેજોએ શાળાઓ ચાલુ રાખવાની જાહેરાત કરી છે પરંતુ આ મહારેલીના પગલે શાળામાં અભ્યાસ કરતા બાળકોને કોઈપણ પ્રકારની સમસ્યાનો સામનો ન કરવો પડે તે માટે સ્કુલ વર્ધી એસોસિએશને આગામી ૨૫મી ઓગસ્ટનો મંગળવારના રોજ તમામ સ્કૂલ વર્ધી રિક્ષા અને સ્કુલ વર્ધી વાન બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. સ્કૂલવર્ધી એસોસિએશને જાહેર કર્યું હતું કે ૨૫મીએ રેલીને લઈ જો કોઈ અસામાન્ય ઘટના ઉદ્ભવે તો બાળકોને સલામત રીતે ઘરે પહોંચાડવા મોટો પ્રશ્ન સર્જાઈ શકે છે. જેના કારણે સ્કુલવર્ધી એસોસિએશન બાળકોની સુરક્ષાને લઈને કોઈ જોખમ લેવા માંગતું નથી. ઉલ્લેખનીય છે કે, શિક્ષણમંત્રીએ ૨૫મીએ અમદાવાદની શાળા-કોલેજો ચાલુ રાખવાની જાહેરાત કરી છે પરંતુ જો સ્કુલવર્ધીના વાહનો બાળકોને શાળાએ મુકવા કે લેવા નહીં જાય તો બાળકો શાળાએ કેવીરીતે જશે તે મોટો પ્રશ્ન છે.

### સુરક્ષા સેતુની ગર્વનીંગ કાઉન્સીલમાં નિમાયા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાની જિલ્લા કક્ષાની સુરક્ષા સેતુ સોસાયટીની ગર્વનીંગ કાઉન્સીલની રચના રાજ્ય સરકારે કરી છે. આ કાઉન્સીલના સભ્યો તરીકે શ્રી હિતેન્દ્રભાઈ પટેલ, શ્રી રણજીતસિંહ વાઘેલા, શ્રી ભરતભાઈ સોલંકી, શ્રી બપુભાઈ પાંડોર, શ્રી જસ્મીનાબેન ભટ્ટ, શ્રી જયેશભાઈ ચૌધરી, શ્રી નાસીરખાન બલોચ, શ્રી અમરીષભાઈ બ્રહ્મભટ્ટ અને શ્રી મણીભાઈ ચૌધરીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

શ્રી હિતેન્દ્રભાઈ પટેલ મધુર ડેરીના ચેરમેન તરીકે સેવાઓ આપી ચુક્યા છે તો શ્રી રણજીતસિંહ વાઘેલા પેથાપુર નગરપાલિકાના સદસ્ય છે. સુરક્ષા સેતુ સોસાયટીમાં તમામ વર્ગને મળેલા પ્રતિનિધિત્વને લઈ ખુશીનો માહોલ ભાજપના કાર્યકરોમાં જોવા મળી રહ્યો છે.

### પદ્મશ્રી પ્રા. અનિલ ગુપ્તાએ ચૈતન્ય સ્કૂલની મુલાકાત લીધી



ગાંધીનગરના લેકાવાડા ખાતે આવેલ ચૈતન્ય સ્કૂલમાં તાજેતરમાં સુવિખ્યાત પદ્મશ્રી પ્રા. અનિલકુમાર ગુપ્તાએ મુલાકાત લીધી હતી. હનિબી નેટવર્કના શોધક અને આઈઆઈએમએમાં પ્રાધ્યાપક તથા એએનઆઈએફના વાઈસ ચેરમેન એવા પ્રા. અનિલકુમારે વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો તેમજ 'ઓન ધ સ્પોટ આઈડીયા' કોમ્પીટીશન યોજી હતી. બાળકોએ આ સ્પર્ધામાં પ્રસ્તુત કરેલ પાણી બચાવવાની રીતને તેમણે પ્રોત્સાહિત કરતા એએનઆઈએફમાં રજૂ કરવાનું વચન આપ્યું હતું.

વિશ્વકલા અને વિજ્ઞાનમાં ફેલોશીપ ધરાવનાર પ્રા. અનિલકુમારે બાળકોને ડૉ. અબ્દુલ કલામનો રોલ મોડેલ બનાવવા અનુરોધ કરતા પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું. તેમણે દેશમાં વિદ્યાર્થીઓ થકી પરિવર્તનની આશા વ્યક્ત કરતા બાળકોને વધુ ઈનોવેટીવ બનવા પ્રેરિત કર્યા હતા. આ કાર્યક્રમમાં સ્કૂલના ૬ થી ૧૧ ધોરણના બાળકોને વિવિધ ૧૧ મોડેલ બનાવ્યા હતા. શાળાના ડાયરેક્ટર ઈલિઝાબેથ કોશી અને ટ્રસ્ટી નલીની સુબ્બારાવે પ્રા. અનિલકુમાર ગુપ્તાનો મુલાકાત બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

### ૫૦૦થી વધુ ક્ષત્રિય ઠાકોર યુવાનો પ્રતિક ઉપવાસમાં જોડાશે

૨૭ ટકા ઓબીસીમાં અન્ય કોઈ ભાગ ન પડાવે તે માટે અમદાવાદમાં અલ્પેશ ઠાકોર દ્વારા યોજાયેલ ધરણાના કાર્યક્રમમાં ભાગ લેવા માટે રવિવારે મજરા ત્રણ રસ્તાથી ૫૦૦થી વધુ ક્ષત્રિય ઠાકોર સમાજના યુવાનો અમદાવાદ જવા રવાના થયા હતા.જેમાં સુરેશ મકવાણા, ભરત મકવાણા સહિત અન્ય યુવાનો જોડાયા હતા. તેમનું કહેવુ છે કે બક્ષીપંચમાં આવતા ક્ષત્રિય ઠાકોર, રબારી, ચૌધરી, ભરવાડ, પ્રજાપતિ, પંચાલ, મિસ્ત્રી, રાવળ, શર્મા સમાજને મળતા લાભોમાં કોઈ ભાગ પડવો જોઈએ નહિ.

### મહાધરણા યોજાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

કેન્દ્રીય પ્રધાનમંડળમાં તેમના પ્રતિનિધિ છે. ગુજરાતની ૫૦ ટકા નોકરી પર તેમનું પ્રભુત્વ છે. ઉદ્યોગ અને શિક્ષણના ક્ષેત્રમાં પણ તેઓ સૌથી આગળ રહ્યા છે. આવી સ્થિતિમાં તેમને અમારી સમકક્ષ રાખવાની બાબત યોગ્ય દેખાતી નથી. મહાધરણામાં સામેલ થયેલા લોકોએ તેમના ક્વોટામાં કોઈ હિસ્સેદારીનો વિરોધ કર્યો હતો. જો કે, તેઓએ પટેલ સમુદાય માટે અન્ય કોઈ પ્રકારની વ્યવસ્થા સામે કોઈ વાંધો ઉઠાવ્યો ન હતો. બીજી બાજુ ક્ષત્રિય સમાજના લોકોએ પણ આર્થિક આધાર પર અનામત આપવાની માંગણીને લઈને સાણંદ શહેરમાં એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંપરાગત કેસરિયા પાઘડીમાં ક્ષત્રિય સમુદાયના લોકોએ રેલી યોજીને એક આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. પાટીદારો દ્વારા નરોડા વિસ્તારમાં રેલીનું આયોજન કરાયું હતું. રાજકોટમાં પણ રેલી યોજાઈ હતી.

### ઓછી હાજરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દાવો કરતા નજરે પડ્યા હતા. તલાટી કમ મંત્રીની પરીક્ષાનું પ્રશ્નપત્ર લીક થવાને કારણે ઊંચુ પરિણામ શંકાસ્પદ જણાતાં જિલ્લા પસંદગી મંડળોએ આ પરીક્ષા રદ કરવી જોઈએ તેવી લાગણી પંચાયત સેવા પસંદગી મંડળને વ્યક્ત કરી હતી. જે અનુસંધાને આ પરીક્ષા રદ કરવામાં આવી હતી. આજે યોજાયેલ પુનઃ પરીક્ષામાં ૨૧ હજારમાંથી સાત હજાર જેટલા જ પરીક્ષાર્થીઓ હાજર રહ્યા હતા. મળતી વિગતો મુજબ આ પરીક્ષાનું પરિણામ સપ્ટેમ્બરના પ્રથમ પખવાડિયામાં જાહેર કરવામાં આવે તેવી શક્યતાઓ છે. આ પરીક્ષાની આન્સરકી એકાદ-બે દિવસમાં જ જાહેર કરી દેવાશે. આજની પરીક્ષા સંપૂર્ણ શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ હોવાનો દાવો તંત્રના અધિકારીઓએ કર્યો છે.

### અભૂતપૂર્વ બંદોબસ્ત

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રવૃત્તિ કરે તેવી શક્યતા નકારી શકાય તેમ નથી.

કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે આવી પ્રવૃત્તિ આચરનાર સામે કઠોર કાર્યવાહી કરવામાં આવશે. સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાંચ, એસઓજી તથા રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાંથી એસઓજીના અધિકારીઓ અને તાલીમ પામેલી ટીમો બોલાવવામાં આવી છે. જુદી જુદી ૧૫ ટીમો બનાવી સમગ્ર અમદાવાદ શહેરની મહત્વની સંવેદનશીલ જગ્યાઓ ઉપર તકેદારી ગોઠવી દેવામાં આવી છે. બસ સ્ટેન્ડ, એરપોર્ટ, રેલવે સ્ટેશન જેવી જગ્યાઓ ઉપર બહારથી આવતા લોકો ઉપર સતત વોચ રાખવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ તમામ જગ્યાએ રહેલા લોકોને પણ કોઈ શકમંદ વસ્તુ દેખાય તો પોલીસને જાણ કરવા કહેવામાં આવ્યું છે. અમદાવાદ શહેરના મહત્વના ૧૫ પોઈન્ટ નક્કી કરી અદ્યતન સાધનોથી સુસજ્જ બુલેટપ્રુફ વાહનો સાથ તાલીમ પામેલા ક્યુઆરટીના જવાનોની ટીમ તૈયાર કરી લેવામાં આવી છે.

### વર્ગ-વિગ્રહ તરફ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વચ્ચે આર્થિક સમુદાયોની વચ્ચે ભારે ઉશ્કેરાટ પ્રવર્તે છે. જ્ઞાતિ સમાજોના વડીલો સમય ગુમાવ્યા વિના સામાજિક વાતાવરણને શાંત કરવામાં વગ અને પગનો ઉપયોગ કરે. ગુજરાતના તમામ રાજકીય પક્ષના આગેવાનો, શાસક અને વિરોધપક્ષના આગેવાનો બધા જ એક બની સમાજને વહેંચાતો અટકાવવા સામાજીક સમરસતા માટે પ્રામાણિક પુરુષાર્થ કરે એ સમયની માંગ છે. હવે સમય ગુમાવવો પોષાય તેમ નથી. નાના મોટા સમાજોના અસંતોષની આગ જવાળા બને અને એક સમાજ બીજા સમાજની સામ સામે આવે ત્યારે પરિસ્થિતિને નિયંત્રિત કરવી અઘરી પડશે. પાટીદાર સમાજ, બ્રહ્મસમાજ, ક્ષત્રિય સમાજ અને ઓબીસી સમાજ આંદોલનના શસ્ત્રોને વિરામ આપી વૈચારિક આંદોલન કરે તેનો સમય પાકયો છે. શેરીમાં સમસ્યા નહી ઉકેલાય એ સત્યની જાણકારી હોવા છતાં આંદોલનના ઉશ્કેરાટમાં ગુજરાતનું સમાજ જીવન થરથરે છે ત્યારે પક્ષાપક્ષી થી દુર રહી, જ્ઞાતિ સમાજોના ઉશ્કેરાટમાંથી બહાર આવી ગુજરાતના સમાજ અને સંસ્કૃતિને એક રાખવા સૌ ગુજરાતી એક બને, નેક બને તે આજની અનિવાર્યતા છે.

# આંદોલનો બંધ રાખીને વિકાસમાં જોડાવવા મુખ્યમંત્રીની અપીલ

ગાંધીનગર, તા. ૨૩

પાટીદાર સમુદાયની અમદાવાદની મહારેલીને લઈને ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આજે તમામ લોકોને વિનંતી કરતા કહ્યું હતું કે, આંદોલનોને બંધ કરીને રાજ્યના વિકાસમાં સામેલ થવાની જરૂર છે. અનામતના આંદોલનથી જે વિવાદનો વંટોળ ઉઠ્યો છે તેના પડઘા વિવિધ સ્તરે સમાજ જીવન પર પડ્યા છે જેનાથી અજંપાભરી સ્થિતિ સર્જાઈ છે. આનંદીબેને નિવેદન કરતા કહ્યુ છે કે, ગુજરાતમાં થોડાક સમયથી વિવિધ જ્ઞાતિ-સમાજો આંદોલન ચલાવી રહ્યા છે અને આવેદનપત્રો દ્વારા રજૂઆતો કરી રહ્યાછે. અનામત આંદોલનોને કારણે ભૂતકાળમાં ગુજરાતને જે સહન કરવું પડ્યું છે તેનો આપણને સૌને અનુભવ છે જ અને તે સમયની ગુજરાતની સ્થિતિ આપણે બધાએ જોયેલી પણ છે. છેલ્લા ૧૪ વર્ષના અથાક પરિશ્રમથી અને આપ સૌના સહયોગથી ગુજરાત આજે મોડેલ રાજ્ય બન્યું છે. સાડા છ કરોડ ગુજરાતીઓ દેશ અને દુનિયામાં તેના શાણપણ, સૌજન્ય અને વિવેક માટે સૌના આદરને પાત્ર બનેલા છે. આજે પણ વિકાસની ગતિશીલતા માટે ગુજરાતનું દ્રષ્ટાંત આપવામાં આવે છે. રાષ્ટ્ર માટે પ્રેરણાના સ્રોત બનેલા સરદાર સાહેબ તો સૌની એકતા ઈચ્છતા હતા. નાત-જાત કે જ્ઞાતિના ભેદભાવ મિટાવી એક જૂથ થઈ સૌનો વિકાસ થાય, સૌની પ્રગતિ થાય.

ભારત શક્તિશાળી રાષ્ટ્ર બને તેવી તેમની મહેચ્છા હતી. સરદાર પટેલે રાજકીય કૂનેહ અને લોખંડી મનોબળથી દેશને એકતા અને અખંડિતતા આપી.



આ સંદર્ભમાં અનામતના આંદોલનોથી જે વિવાદનો વંટોળ ઉઠ્યો છે તેના પડઘા વિવિધ સ્તરે સમાજ જીવન ઉપર પડ્યા છે જેનાથી અજંપાભરી સ્થિતિ સર્જાઈ છે. અનામત આંદોલન સંદર્ભે આપણે ચર્ચા અને મંત્રણા થકી સમાધાન શોધી શકીએ છીએ. રાજ્ય સરકારે સાત સિનિયર પ્રધાનોની એક સમિતિની રચના કરી છે અને સમિતિ સમક્ષ અને પાટીદાર સહિતની અન્ય જ્ઞાતિઓને પ ણ આપણે મંત્રણા માટે આંમત્રણ આપેલું છે. ચર્ચા વિચારણા ચાલે છે અને તેમાંથી જ ઉકેલ આવશે તેમ હું માનું છું. આંદોલન કે શક્તિપ્રદર્શનનું માધ્યમ કેટલાક આત્યાંતિક માનસ માટે અહમ બની શકે પરંતુ ગુજરાત જેવા શાણપણ અને વિવેક ધરાવતા સમાજ માટે, ગુજરાતના ભવિષ્ય માટે નકારાત્મક અને નુકસાનકર્તા બની રહેશે એમ હું સમજું છું અને ગુજરાતની પ્રગતિ તથા વિકાસ અને સમાજ માટે હિતચિંતક સહુ આ વાત સ્વીકારશે જ એવો મને દઢ વિશ્વાસ છે. અનામત આંદોલનની માનસિકતા પાછળ આપણા યુવાનો, તરુણ સંતાનો અને ભાવિ પેઢીના ભવિષ્યની ચિંતા છે અને એ સ્વાભાવિક પણ છે.

અનામતની જોગવાઈથી ઉચ્છ શિક્ષણોમાં પ્રવેશ અને નોકરીઓ અંગે પડતી અસરો વિશે અન્ય વૈકલ્પિક ઉપાયોથી નિરાકરણ આવી શકે તેમ છે અને રાજ્ય સરકાર આ માટે સકારાત્મક રીતે બધા જ્ઞાતિ-સમાજના સૂચનોને રચનાત્મક ગણીને યોગ્ય કરવા તૈયાર છે. છેલ્લા ૧૫ વર્ષમાં ગુજરાતે ઔદ્યોગિક, કૃષિ અને સેવાના ક્ષેત્રે જે પ્રગતિ કરી છે તેની નોંધ ભારત દેશના અન્ય રાજ્યો અને વિદેશના શાસકો લઈ રહ્યા છે. વૈશ્વિક સંસ્થાઓએ ગુજરાતની વિકાસની દિશા અને પ્રગતિની પ્રશંસા કરી છે. ગુજરાતે આ વર્ષોમાં તેમની ઉત્કૃષ્ઠ કામગીરી પેટે ૩૫૦થી વધુ એવોર્ડ મેળવ્યા છે. વિકાસના ફળ આપણને મળી રહ્યા છે.

આપણા બંધારણની જોગવાઈઓ અને નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ જજમેન્ટને આધારે એસસી/એસટી અને ઓબીસીની અનામત ટકાવારીમાં આપણે કોઈ જ ફેરફાર કરવા માંગતા નથી અને ૫૦ ટકાથી વધારે અનામત કોર્ટના ચુકાદાઓના કારણે આપી શકવાના નથી. જુદા જુદા રાજ્યોએ જે તે સમયે બંધારણ અને કોર્ટના ચુકાદાઓથી વિરુદ્ધ અનામત આપી ત્યારે અદાલતોએ તે રદ કરી છે. આપણે એવું કરવા માંગતા નથી અને ઠાલા વચનો આપવામાં આપની આ સરકાર નથી માનતી.

### પહેરો ગોઠવાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતી. છેલ્લા ઘણાં સમયથી ડેપો સંકુલમાં પોલીસ ચોકી બનાવવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે. પરંતુ ડેપો કક્ષાએથી જગ્યા ન ફળવાતા ડેપોમાં લાંબા સમયના અંતે પણ પોલીસ ચોકી શરૂ કરી શકાઈ નથી.

આ મામલે સ્થળ પસંદગીને અનુલક્ષી નિગમની ડીવિઝનલ કચેરીકક્ષાએથી કોઈ નિર્ણય લેવાતો નથી એસ ટી નિગમ જ મુસાફરોની સલામતીના મુદ્દે બેફીકર હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. ત્યારે પોલીસ દ્વારા મુસાફરોની સલામતીની ચિંતા સેવાઈ રહી છે. રેન્જ આઈ જી કક્ષાએથી ડેપોમાં ડેપોમાં ચોરીના બનાવો અટકાવવા માટે પોલીસ પહેરો ગોઠવી દેવા સુચના આપી દેવાઈ છે. ટુંકમાં ડેપો સંકુલમાં પોલીસ જવાનો તૈનાત કરી દેવાશે.

### આરોગ્ય કેન્દ્રો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માટેનો નિર્ણય પ્રોજેક્ટ ઈમ્લીમેન્ટેશન યુનિટના નિષ્ણાતોની ટીમે કરેલા સર્વેલન્સ બાદ આપેલા અહેવાલને આધારે કરવામાં આવેલ છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ દરખાસ્તને આરોગ્ય સમિતિએ પણ બહાલી આપી દીધી છે અને હવે પછી તે પંચાયતની સામાન્ય સભામાં પણ મંજૂરી માટે રજુ કરવામાં આવશે.

જે આરોગ્ય કેન્દ્રો જર્જરિત થઈ ગયા છે તેની કામગીરી આ વર્ષે જ હાથ ધરવાનું આયોજન હોવાનું પણ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે અને ઉમેર્યું હતું કે પ્રા. આ. કેન્દ્રોના નિર્માણ માટે ૬૮ લાખ રૂ. અને આરોગ્ય કેન્દ્રોના નિર્માણ માટે રૂ. ૨૨ લાખનો ખર્ચ કરવામાં આવશે.

જે આરોગ્ય કેન્દ્રો ડિમોલેશન કરવામાં આવનાર છે તેમાં કલોલ તાલુકાના મોખાસણ, હાજીપુર, પાનસર, પલસાણા, નાષ્મેદ, પિયજ અને જેઠલજનો સમાવેશ થાય છે.

ગાંધીનગર તાલુકાના ઉનાવા, મોટી આદરજ, સરઢવ, દંતાલી, તારાપુર, સુઘડ, છાલા, કોબા, શિહોલીમોટી, નાના ચિલોડા, વડોદરા, રાયપુર, સિમ્બડીયા અને રાંધેજાનો સમાવેશ થાય છે.

દહેગામ તાલુકાના કનીપુર, બિલમણા, દેવકરણના મુવાડા, ઝિંડવા અને બહિયલનો સમાવેશ થાય છે.

તંત્ર દ્વારા આ માટેનો આખો કાર્યક્રમ આગામી દિવસોમાં આખરી કરી દેવાશે. એક વર્ષના ગાળામાં જ નવા મકાનો તૈયાર કરવાનું હાલના તબક્કે વિચારાયુ હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યું છે.